# Most Imp Current Affairs – 16 to 31 August 2026

## 16 ઓગસ્ટ

- કેન્દ્ર સરકારે વસ્તી ગણતરી દરમિયાન પૂછવામાં આવનારા 40 પ્રશ્નને સૂચિત (જાહેર) કરી દીધા છે. 2011ની વસ્તીગણતરીમાં 29 પ્રશ્ન પૂછવામાં આવ્યા હતા. આ 40 પ્રશ્ન દ્વારા જાતિ, ધર્મ, શિક્ષણ, રોજગાર, સ્થળાંતર, દિવ્યાંગતા, ડિજિટલ સાક્ષરતા, બેંક ખાતાં, મોબાઈલ નંબર, આધાર અને વોટર આઈડીની માહિતી લેવામાં આવશે. વસ્તીગણતરીમાં અત્યાર સુધી માત્ર એસસી-એસટીની જ ગણતરી થતી આવી છે, પરંતુ આઝાદી પછી પહેલીવાર અન્ય સમુદાયોની જાતિઓની વિગતો લેવાશે.

- આંતરરાષ્ટ્રીય સ્તરે કાર્યરત નશીલા પદાર્થોના સિન્ડિકેટ સામેની લડતમાં એક મહત્વપૂર્ણ સફળતા તરીકે, નાર્કોટિક્સ કંટ્રોલ બ્યુરો (એનસીબી)એ વોન્ટેડ ફરાર આરોપી વીરેન્દ્ર સિંહ બસોયાને યુએઈથી ભારત પરત લાવવામાં આવ્યો.

- ઈરાનના રાષ્ટ્રપતિ **મસૂદ પેજેશ્કિયાન** આગામી બ્રિક્સ શિખર સંમેલનમાં ભાગ લેવા માટે નવી દિલ્હી આવશે. પેજેશ્કિયાનની આ મુલાકાત સપ્ટેમ્બરમાં રાષ્ટ્રીય રાજધાનીમાં યોજાનાર બ્રિક્સ શિખર સંમેલન માટે હશે. ભારત 2026માં બ્રિક્સની અધ્યક્ષતા કરી રહ્યું છે અને 18મા બ્રિક્સ શિખર સંમેલનની યજમાની કરશે. આ સંમેલન ભારતની અધ્યક્ષતામાં "લવચિકતા, નવીનતા, સહયોગ અને સ્થિરતા માટે નિર્માણ" થીમ પર આયોજિત કરવામાં આવશે. ભારતે 2026ની શરૂઆતમાં બ્રાઝિલ પાસેથી બ્રિક્સની અધ્યક્ષતા સંભાળી હતી. ઈરાન 2024માં ઇજિપ્ત, ઈથોપિયા અને સંયુક્ત આરબ અમીરાત (UAE) સાથે બ્રિક્સનું પૂર્ણ સભ્ય બન્યું હતું. ઈન્ડોનેશિયા 2025માં આ જૂથમાં જોડાયું, ત્યારબાદ બ્રિક્સના પૂર્ણ સભ્યોની સંખ્યા વધીને 11 થઈ છે.

- વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ 80મા સ્વતંત્રતા દિવસે લાલ કિલ્લા પરથી દેશવ્યાપી ટેલેન્ટ હંટ યોજનાની જાહેરાત કરી. આ અભિયાનનો મુખ્ય હેતુ 5થી 15 વર્ષની વયના બાળકોમાંથી રમતગમત ક્ષેત્રે છુપાયેલી પ્રતિભાને શોધીને તેમને 2036ના ઓલિમ્પિક્સ માટે તૈયાર કરવાનો છે.

## 17 ઓગસ્ટ

- ખેરાલુ તાલુકાના 2200ની વસ્તી ધરાવતા ડાવોલ ગામે બાળકોના સ્વાસ્થ્ય અને ઉજ્જવળ ભવિષ્યને ધ્યાનમાં રાખીને એક સરાહનીય અને અનોખી પહેલ કરી છે. ગ્રામ પંચાયત દ્વારા ગ્રામસભામાં સર્વાનુમતે ઠરાવ પસાર કરીને ગામની તમામ દુકાનો પર રૂ.5 અને 10ની કિંમતના જંક ફૂડ, ચિપ્સ, કુરકુરે અને નમકીન જેવાં નાનાં પડીકાંના વેચાણ પર સંપૂર્ણ પ્રતિબંધ મૂકવામાં આવ્યો છે. જો કોઈ દુકાનદાર પ્રતિબંધિત પડીકાનું વેચાણ કરતો પકડાશે તો પ્રથમ વખત રૂ.1 હજારનો દંડ ફટકારવામાં આવશે.

- લીબિયાના ત્રિપોલીમાં 13 હજાર ફૂટની ઊંચાઈએ સૈન્ય વિમાનમાંથી 65 સ્કાયડાઈવર્સે પોતાના દેશના ધ્વજ સાથે છલાંગ લગાવી નવો ગિનીસ વર્લ્ડ રેકોર્ડ બનાવ્યો. આમાં વિશ્વના 38 દેશના એથ્લીટે ભાગ

લીધો હતો, જેમાં ત્રણ ભારતીય સ્કાયડાઇવર્સે દેશનું પ્રતિનિધિત્વ કર્યું હતું. આ રેકોર્ડમાં સામેલ ભારતીયોમાં કેરળના જમશીર થનાલોટ, યુપીના અભિષેક રાવત અને બિહારની ઈશા રાજનો સમાવેશ થાય છે.

- ચીને તિબેટના **અમદોમાં** 15,258 ફૂટની અદભુત ઊંચાઈ પર વિશ્વનો સૌથી ઊંચો સોલર થર્મલ પાવર પ્લાન્ટ તૈયાર કર્યો છે. 100 મેગાવોટની ક્ષમતા ધરાવતા આ પ્લાન્ટમાં 15,927 ખાસ અરીસા (હેલિયોસ્ટેટ મિરર) લગાવવામાં આવ્યા છે, જે સૂર્યનાં કિરણોને 210 મીટર ઊંચા ટાવરના રીસીવર પર કેન્દ્રિત કરે છે. આનાથી અંદાજે 50 હજાર ઘરોને ગ્રીન વીજળી પૂરી પડાશે.

- મહારાષ્ટ્ર ફૂડ એન્ડ ડ્રગ એડમિનિસ્ટ્રેશન (એફડીએ) દ્વારા બોલિવૂડ સુપરસ્ટાર શાહરુખ ખાન, અજય દેવગન અને ટાઇગર શ્રોફને કારણ દર્શાવો (શો-કોઝ) નોટિસ ફટકારવામાં આવી છે. આ ત્રણેય કલાકારો પર ઇલાયચીની આડમાં પ્રતિબંધિત પાન મસાલાની બ્રાન્ડનું પરોક્ષ રીતે પ્રોમોશન કરવાનો ગંભીર આરોપ છે. એફડીએના મતે, પ્રથમ દ્રષ્ટિએ આ જાહેરાત બ્રાન્ડનો પ્રચાર કરે છે, જે મુખ્યત્વે પાન મસાળા અને તમાકુ ઉત્પાદનો સાથે જોડાયેલ છે.

- કેન્દ્ર સરકારે LPGની ઉપલબ્ધતા વધારવા માટે એક મોટું પગલું ભર્યું છે. પહેલીવાર, સરકારે જાહેર અને ખાનગી રિફાઇનરીઓ અને તેલ અને ગેસ કંપનીઓ માટે મહત્તમ LPG ઉત્પાદન લક્ષ્યાંકો નક્કી કર્યાં છે. તેનો ઉદ્દેશ્ય એ સુનિશ્ચિત કરવાનો છે કે જો ભવિષ્યમાં વિદેશથી LPG પુરવઠામાં વિક્ષેપ આવે તો દેશમાં ઘરેલુ ઉત્પાદન વધારવા માટે તૈયાર સિસ્ટમ હોય. પેટ્રોલિયમ અને કુદરતી ગેસ મંત્રાલયે 21 રિફાઇનરીઓ અને અપસ્ટ્રીમ કંપનીઓ માટે LPG ઉત્પાદન સમયપત્રક નક્કી કર્યું છે. આ કંપનીઓની કુલ ઉત્પાદન ક્ષમતા 63,810 ટન પ્રતિ દિવસ નક્કી કરવામાં આવી છે. આ 2025-26નાણાકીય વર્ષમાં દેશના સ્થાનિક LPG ઉત્પાદન કરતાં બમણાથી વધુ છે અને દેશના દૈનિક વપરાશના આશરે 70% હિસ્સો ધરાવે છે. સામાન્ય સંજોગોમાં આ ઉત્પાદન લક્ષ્યાંકોની જરૂર રહેશે નહીં. જયારે પણ દેશમાં LPGના પુરવઠા પર દબાણ આવે અથવા અછત ઊભી થાય, ત્યારે સરકાર આ કંપનીઓને ચોક્કસ માત્રામાં ઉત્પાદન વધારવા માટે આદેશ આપવામાં આવતો હોય છે.

## 18 ઓગસ્ટ

- કચ્છ જિલ્લામાં આવેલા બન્ની ઘાસના મેદાન ખાતે એક ટ્રાન્સલોકેશન અને રિવાઈલ્ડિંગ કવાયત હેઠળ 20 કાળિયાર (15 માદા અને 5 નર) મુક્ત કરવામાં આવ્યાં હતાં. આ કાળિયારને જામનગરના 'ગ્રીન્સ ઝૂઓલોજીકલ રેસ્ક્યુ એન્ડ રિહેબિલિટેશન સેન્ટર' (વનતારા)થી લાવવામાં આવ્યાં છે. કાળીયારનું વૈજ્ઞાનિક નામ Antilope cervicapra (એન્ટિલોપ સર્વિકાપ્રા) છે તથા તેમને વાઈલ્ડલાઈફ (પ્રોટેક્શન) એક્ટ, 1972ની Schedule 1 હેઠળ આવરી લેવાયેલ છે. કાળીયાર પંજાબ, હરિયાણા અને આંધ્રપ્રદેશનું રાજ્ય પ્રાણી છે.

- ભારતીય મૂળના ફ્લાઇટ લેફ્ટનન્ટ અર્શદીપ સિંહ ડાંગ બ્રિટનની રોયલ એર ફોર્સ (આરએએફ)માં ફાઇટર પાઇલટની ટ્રેનિંગ પૂર્ણ કરનાર પ્રથમ શીખ બન્યા. બીજા વિશ્વયુદ્ધ પછી પ્રથમ વખત કોઈ શીખ વ્યક્તિએ ફાઈટર સ્ક્વોડ્રનમાંથી પાઇલટ વિંગ્સ મેળવ્યા છે.

- Design Linked Incentive (DLI) Scheme દ્વારા સમર્થિત ભારતીય ચિપ સ્ટાર્ટઅપે પોતાના Broadband Chip **'VIHAAN'** માટે First-Pass Silicon Success મેળવી છે. એટલે કે ચિપનું પ્રથમ

fabricated silicon વર્ઝન કોઈ મોટા ડિઝાઇન સુધારા વિના સફળતાપૂર્વક કાર્યરત થયું છે. આ સિદ્ધિ ભારતની સ્વદેશી સેમિકન્ડક્ટર ડિઝાઇન ક્ષમતાને મજબૂત બનાવે છે અને આયાત પરની નિર્ભરતા ઘટાડવાની દિશામાં મહત્ત્વપૂર્ણ પગલું છે. MeitY દ્વારા સમર્થિત DLI Scheme ભારતીય સ્ટાર્ટઅપ્સ અને કંપનીઓને ચિપ ડિઝાઇન, વિકાસ તથા ઉત્પાદન માટે નાણાકીય અને માળખાકીય સહાય પૂરી પાડે છે.

- વડાપ્રધાન **નરેન્દ્ર મોદીએ** સ્વાતંત્ર્ય દિવસના સંબોધનમાં વિવિધ સ્પર્ધાત્મક પરીક્ષાઓની તૈયારી કરતા યુવાનો માટે મફત ઓનલાઈન કોચિંગ આપવાની જાહેરાત કરી. આ પહેલથી પરિવારોના કોચિંગ પાછળ થતા હજારો કરોડ રૂપિયાના ખર્ચમાં બચત થઈ શકે છે.

- ભારત સરકારે PM ગરીબ કલ્યાણ અન્ન યોજના હેઠળ ચંદીગઢ અને દાદરા અને નગર હવેલીમાં Central Bank Digital Currency (CBDC) આધારિત DBT વ્યવસ્થા શરૂ કરી છે. તેમાં સરકાર દ્વારા આપવામાં આવતા લાભોને ચોક્કસ લાભાર્થીઓ સુધી પહોંચાડવા માટે RBIના ડિજિટલ રૂપિયા (e₹) ઇન્ફ્રાસ્ટ્રક્ચરનો ઉપયોગ કરવામાં આવશે. e₹ ભારતની સાર્વભૌમ ડિજિટલ કરન્સી છે, જે RBI દ્વારા બહાર પાડવામાં આવે છે. તે ખાનગી ક્રિપ્ટોકરન્સીથી અલગ છે, કારણ કે ખાનગી ક્રિપ્ટોકરન્સી કોઈ કેન્દ્રીય બેંકની જવાબદારી નથી.

- 18 ઓગસ્ટ વર્લ્ડ બ્રેસ્ટ કેન્સર રિસર્ચ દિવસ. ગુજરાતમાં મહિલાઓમાં જોવા મળતાં કુલ કેન્સરમાં 31.2% સાથે સ્તન કેન્સર સૌથી વધુ જોવા મળે છે. આરોગ્ય વિભાગના મત અનુસાર 30 વર્ષથી વધુ વયની મહિલાઓએ 'સેલ્ફ-બ્રેસ્ટ એક્ઝામિનેશન' અને 40 વર્ષથી વધુ વયની મહિલાઓએ 'ડિજિટલ મેમોગ્રાફી સ્ક્રીનિંગ' કરાવવું જોઈએ.

## 19 ઓગસ્ટ

- સુપ્રીમ કોર્ટે મોતની સજા માટે ફાંસી આપવાની વર્તમાન પદ્ધતિને યથાવત રાખતાં, તેને બદલવાની માગ સાથે જોડાયેલી અરજી ફગાવી.

- ભારતીય મૂળના 16 વર્ષીય **લક્ષ્મણન મયપ્પન** વિશ્વના સૌથી નાના પુરુષ ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ (સીએ) બન્યા. દુબઈ સ્થિત મયપ્પને 16 વર્ષ અને 141 દિવસની ઉંમરે આ સિદ્ધિ મેળવી હતી. તેમનું નામ ગિનિસ વર્લ્ડ રેકોર્ડમાં નોંધાયું છે. તેઓ હાલમાં દુબઈની એક નાણાકીય કંપનીમાં સિનિયર રિસર્ચ એનાલિસ્ટ તરીકે કામ કરે છે.

- વિશ્વના નંબર 1 ચેસ ખેલાડી મેગ્નસ કાર્લસને પેરિસમાં આયોજિત ઇસ્પોર્ટ્સ વર્લ્ડ કપમાં ચેસ સ્પર્ધા જીતી. કાર્લસને સતત બીજી વખત આ ચેમ્પિયનશિપ જીતી, સમગ્ર ટુર્નામેન્ટ દરમિયાન અપરાજિત રહ્યા.

- ન્યુ જર્સી, યુએસએમાં, ભારતીય-અમેરિકન સમુદાયે '250' નંબરના આકાર માટે 1,300થી વધુ ધ્વજ ગોઠવીને 'સૌથી મોટા ધ્વજસ્તંભ નંબર' માટે એક નવો ગિનિસ વર્લ્ડ રેકોર્ડ બનાવ્યો. આ કાર્યક્રમ ભારતની સ્વતંત્રતાના 80મા વર્ષ અને યુનાઇટેડ સ્ટેટ્સની 250મી વર્ષગાંઠ નિમિત્તે આયોજિત કરવામાં આવ્યો હતો.

- રાષ્ટ્રપતિએ સંરક્ષણ અને સશસ્ત્ર પોલીસ દળો માટે **78 શૌર્ય પુરસ્કારોને** મંજૂરી આપી છે. આમાં 9 કીર્તિ ચક્ર (જેમાંથી 7 મરણોત્તર છે) અને 19 શૌર્ય ચક્રનો સમાવેશ થાય છે. મેજર ગૌરવ સિંહ બ્રિજવાલ અને મેજર વિપિન કુમારને શૌર્ય ચક્ર એનાયત કરવામાં આવ્યા.

- 19 ઓગસ્ટના વિશ્વ ફોટોગ્રાફી દિવસ ઉજવાય છે. વર્ષ 1837માં ફ્રાંસમાં ફોટોગ્રાફી દિવસ મનાવવાની શરૂઆત થઇ હતી. વિશ્વનો પ્રથમ કેમેરો **કેમેરા ઓબ્સ્ટ્યુરા** હતો. વૈજ્ઞાનિક **લુઈસ ડાઉગર** દ્વારા ફોટોને કેપ્ચર કરવાની પ્રથમ પ્રક્રિયાની શોધની યાદમાં વિશ્વ ફોટોગ્રાફી દિવસની ઉજવણીની શરૂઆત થઈ હતી.

- 19 ઓગસ્ટ વિશ્વ માનવતા દિવસ. સંયુક્ત રાષ્ટ્રના બગદાદના મુખ્ય મથક પર બૉંબ ધડાકામાં વિએરા ડી મેલો અને તેના 21 માનવતા સાથી ચિકિત્સકોના મૃત્યુને શ્રદ્ધાંજલી આપવા સંયુક્ત રાષ્ટ્રની મહાસભા દ્વારા 19 ઓગસ્ટને વિશ્વ માનવતાવાદી દિવસ તરીકે જાહેર કર્યો છે.

- ભારતના અધ્યક્ષ પદ હેઠળ **પુણે** ખાતે BRICS ICT વર્કિંગ ગ્રુપની બેઠકનું આયોજન કરવામાં આવ્યું. ભારતની થીમ **'Innovate, Cooperate and Transform (ICT) for a Resilient Future'** હતી.

## 20 ઓગસ્ટ

- ભારતના સુપ્રીમ કોર્ટના ભૂતપૂર્વ ન્યાયાધીશ જસ્ટિસ (નિવૃત્ત) અરુણ કુમાર મિશ્રાની અધ્યક્ષતાવાળી પસંદગી સમિતિની ભલામણોના આધારે કેન્દ્રીય રમતગમત અને યુવા બાબતોના મંત્રાલય દ્વારા 'રાષ્ટ્રીય રમતગમત પુરસ્કારો 2025'ની જાહેરાત કરવામાં આવી. વર્ષ 2025 માટે મેજર ધ્યાનચંદ ખેલ રત્ન એવોર્ડ માટે કોઈની પસંદગી કરવામાં આવી નથી. 17 ખેલાડીઓની અર્જુન એવોર્ડ માટે પસંદગી કરવામાં આવી છે. જેમાં વિદિત ગુજરાતી, દિવ્યા દેશમુખ, તેજસ્વિન શંકર, ગાયત્રી ગોપીચંદ અને ટીસા જોલી જેવા પ્રમુખ ખેલાડીઓ સામેલ છે. એશિયન ગેમ્સના ગોલ્ડ મેડલિસ્ટ અને પૂર્વ ભારતીય ફૂટબોલર આઇ. અરુમનાયગમની અર્જુન એવોર્ડ લાઈફટાઈમ એવોર્ડ માટે પસંદગી કરવામાં આવી. પરવીર સિંહ (એથ્લેટિક્સ), છૉટે લાલ યાદવ (બોક્સિંગ) અને નેહા નંદુકમાર ચવ્હાણ (શૂટિંગ)ની પસંદગી દ્રોણાચાર્ય એવોર્ડ માટે તથા ધર્મેન્દ્ર સિંહ યાદવ(બોકસીંગ) અને વીરેન્દ્ર કુમાર (કુસ્તી)ની પસંદગી દ્રોણાચાર્ય લાઈફ ટાઈમ એવોર્ડ માટે કરવામાં આવી. રમતગમતના પ્રચાર અને વિકાસ માટે પુણે સ્થિત 'આર્મી પેરાલિમ્પિક નોડ' (Army Paralympic Node) ની પસંદગી રાષ્ટ્રીય ખેલ પ્રોત્સાહન પુરસ્કાર માટે કરવામાં આવી છે.

- આસામ સરકારે બાળકોની સલામતી અને ગૌરવ સુનિશ્ચિત કરવા માટે આસામ રાજ્ય બાળ સુરક્ષા નીતિ 2026ને મંજૂરી આપી. આ રાજ્યમાં કિશોર ન્યાય અધિનિયમ અને POCSO નિયમોને અસરકારક રીતે લાગુ કરવામાં મદદ કરશે. રાજ્ય સરકારે યુવાનોને રોજગાર અને કારકિર્દી માર્ગદર્શન પૂરું પાડવા માટે યુવા સશક્તિકરણ અને કલ્યાણ વિભાગ પણ બનાવ્યો છે.

- **મહારાષ્ટ્ર સરકારે** સર્પદંશને એક સૂચિત રોગ જાહેર કર્યો. હવે, સરકારી અને ખાનગી હોસ્પિટલો, મેડિકલ કોલેજો અને ડોકટરોએ દરેક શંકાસ્પદ અથવા પુષ્ટિ થયેલ સર્પદંશના કેસ અને મૃત્યુની જાણ જિલ્લા આરોગ્ય અધિકારીઓને કરવાની રહેશે. આનો હેતુ ચોક્કસ કેસ મોનિટરિંગ, સમયસર સારવાર અને સાપ વિરોધી ઝેરની ઉપલબ્ધતામાં સુધારો કરવાનો છે.

- 2024-25ના ઓડિટ રિપોર્ટ મુજબ, પીએમ કેર્સ ફંડમાં સ્થાનિક દાનમાં 30% ઘટાડો થયો છે. આ વર્ષે, સ્થાનિક દાનની રકમ ₹479 કરોડ હતી, જે પાછલા વર્ષના ₹681 કરોડ હતી. વિદેશી દાનમાં પણ 18% ઘટાડો થયો છે. પીએમ કેર્સ ફંડ એક જાહેર ચેરિટેબલ ટ્રસ્ટ છે.

- NEP-2020 અંતર્ગત વર્ષ-2030 સુધીમાં 100% ગ્રોસ એનરોલમેન્ટ રેશિયો (GER) હાંસલ કરવા અને શાળા છોડી ગયેલા (ડ્રોપ-આઉટ) બાળકોને પુનઃ શિક્ષણ પ્રવાહમાં જોડવા રાજ્યમાં **'સમરસ વિદ્યા સેતુ અભિયાન'** અમલમાં મૂકાયું. પ્રાથમિક, માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓ માટે નિર્ધારિત કામગીરી 25 ઓગસ્ટ 2026 સુધીમાં પૂર્ણ કરવા આદેશ અપાયો છે. આ અભિયાનમાં શાળા છોડી ગયેલા કે શિક્ષણથી વિમુખ થયેલા બાળકોને શોધી વાલીઓનો સંપર્ક કરવો અને પુનઃ પ્રવેશ આપવાનો છે. 10 દિવસથી વધુ ગેરહાજર રહેતા છાત્રોની યાદી બનાવી વાલીઓને જાણ કરાશે.

- ભારતીય અક્ષય ઊર્જા દિવસ દર વર્ષે 20 ઓગસ્ટના રોજ ઉજવાય છે. ભારતમાં વર્ષ 2004થી ભારતીય અક્ષય ઊર્જા દિવસ ઉજવાય છે. અક્ષય ઉર્જા એટલે કે રિન્યુએબલ ઉર્જાના સંશાધનોમાં સૂર્ય ઊર્જા, પવન ઊર્જા, જળ ઊર્જા, બાયોગેસ વગેરે ઊર્જાના સ્વરૂપનો સમાવેશ થાય છે.

- 20 ઓગસ્ટ વિશ્વ મચ્છર દિવસ. બ્રિટિશ ડોક્ટર સર રોનાલ્ડ રોસે શોધ્યું હતું કે માદા મચ્છર માણસોમાં મેલેરિયા ફેલાવે છે. તેમની શોધ માટે 1902માં મેડિસિન માટે નોબેલ પુરસ્કાર આપવામાં આવ્યો હતો.

## 21 ઓગસ્ટ

- કેન્દ્ર સરકારે 6 રાજ્ય અને જમ્મુ-કાશ્મીર તથા લદ્દાખમાં જિલ્લા કલેક્ટરોને ભારતીય નાગરિકતા આપવાનો અધિકાર આપ્યો. જેમાં ગુજરાત, રાજસ્થાન, પંજાબ, બંગાળ, આસામ અને ત્રિપુરા, જમ્મુ-કાશ્મીર અને લદ્દાખ સામેલ છે. આનાથી નાગરિકતાની અરજીનો નિકાલ જિલ્લા કક્ષાએ થશે. અગાઉ નાગરિકતા આપવાનો અધિકાર અધિકૃત સમિતિઓ અને નામાંકિત અધિકારી પાસે હતો.

- દેશની પ્રથમ વંદે ભારત માલગાડીએ ટ્રાયલ દરમિયાન 145 કિમી/કલાકની ઝડપ મેળવી. 16 કોચ ધરાવતી આ ટ્રેનનું પશ્ચિમ મધ્ય રેલવે દ્વારા નાગદા-કોટા-સવાઈ માધોપુર સેક્શનમાં પરીક્ષણ કરાયું. આ ટ્રેનને સામાનની ઝડપી ડિલિવરી માટે બનાવાઈ છે. સામાન્ય માલગાડી 60-70 કિમી/કલાકની ઝડપે ચાલે છે.

- સંદેશાવ્યવહાર મંત્રાલય અને દૂરસંચાર વિભાગે ટેલિકોમ કંપનીઓને નિર્દેશો જારી કર્યા. જો કોઇ ગ્રાહકના નામે પહેલાથી જ નવ સક્રિય મોબાઇલ સિમ હોય, તો તેમને નવું સિમ આપવામાં આવશે નહીં. જમ્મુ અને કાશ્મીર, આસામ અને ઉત્તરપૂર્વમાં, મર્યાદા છ હશે. સરકારના ડિજિટલ ઇન્ટેલિજન્સ પ્લેટફોર્મનો ઉપયોગ નિયમ લાગુ કરવા માટે કરવામાં આવશે.

- યુએસ એમ્બેસેડર **સર્જિયો ગોરે** જમ્મુ અને કાશ્મીરની પોતાની પ્રથમ મુલાકાત લીધી. તેમણે તેને ભારતનો મહત્વપૂર્ણ ભાગ ગણાવ્યો. 2019 પછી કોઇ યુએસ રાજદૂતની આ પહેલી મુલાકાત છે. શ્રીનગરમાં તેમણે મુખ્યમંત્રી ઓમર અબ્દુલ્લા સાથે પર્યટન, બાગાયત અને આર્થિક સહયોગ અંગે ચર્ચા કરી.

- ઋષભ પંતે ટેસ્ટ ક્રિકેટમાં 100 છગ્ગા ફટકાર્યા. તે ટેસ્ટ ક્રિકેટમાં આ સિદ્ધિ મેળવનાર વિશ્વનો સૌથી ઝડપી બેટ્સમેન બન્યો. તેણે ભૂતપૂર્વ ઓસ્ટ્રેલિયન વિકેટકીપર-બેટ્સમેન એડમ ગિલક્રિસ્ટનો રેકોર્ડ તોડ્યો. પંત ટેસ્ટ ક્રિકેટમાં 100 છગ્ગા મારનાર પ્રથમ ભારતીય બેટ્સમેન પણ બન્યો.

- ફરીથી વાપરી શકાય તેવી રોકેટ ટેકનોલોજીમાં ચીને મોટી સફળતા હાંસલ કરી છે. પહેલી વાર, ચીને **ઝુકે-3 રોકેટ** લોન્ચ કર્યા પછી ઉતાર્યું. તેને ખાનગી એરોસ્પેસ કંપની લેન્ડસ્પેસ દ્વારા લોન્ચ કરવામાં આવ્યું હતું.

## 22 ઓગસ્ટ

- **લંડનમાં** વિશ્વમાં પ્રથમ વખત **સાપ પર** માનવ કેન્સરની સારવારનો સફળ પ્રયોગ કરાયો છે. બ્રિટનના ચેસ્ટર ઝૂમાં હોલીવુડ અભિનેત્રી જોડી ફોસ્ટરના નામ પરથી ઓળખાતા 15 ફૂટ લાંબા માદા પાઇથન આ અનોખી સારવાર મેળવનારો દુનિયાનો પહેલો સાપ બની છે. આ અજગરના ઝડબાના હાડકામાં કેન્સરની ગાંઠ હતી. તેને બચાવવા માટે પશુ ચિકિત્સકોએ સામાન્ય રીતે મનુષ્યો માટે વપરાતી ઇલેક્ટ્રોકેમોથેરાપી પદ્ધતિનો ઉપયોગ કર્યો હતો. ઝૂના વેટ્સના મતે, આ જટિલ મેડિકલ પ્રક્રિયા બાદ તે હવે સંપૂર્ણપણે સ્વસ્થ અને ચપળ થઇ ગઇ છે. તબીબી વિજ્ઞાન અને વન્યજીવ સંરક્ષણ ક્ષેત્રે આ એક ઐતિહાસિક અને ક્રાંતિકારી સફળતા માનવામાં આવી રહી છે.

- વૈજ્ઞાનિકોએ **S301** નામના તારાને આકાશગંગા (Milky Way)માં અત્યાર સુધીના સૌથી ઝડપી ગતિ કરતા તારા તરીકે ઓળખ્યો છે. S301 આકાશગંગાના કેન્દ્રમાં આવેલા વિશાળ બ્લેક હોલ **Sagittarius** ની પરિક્રમા કરે છે. S301 માત્ર **8.7 વર્ષમાં** બ્લેક હોલની એક પરિક્રમા પૂર્ણ કરે છે. તેની મહત્તમ ઝડપ લગભગ **25,000 કિમી/સેકન્ડ**, એટલે કે પ્રકાશની ઝડપના **8%થી** પણ વધુ છે. S301નું અવલોકન યુરોપિયન સાઉધર્ન ઓબ્ઝર્વેટરી (ESO)ના વેરી લાર્જ ટેલિસ્કોપ Interferometer (VLTI) દ્વારા કરવામાં આવ્યું હતું. તેના અભ્યાસથી બ્લેક હોલના પરિભ્રમણ અને આઇન્સ્ટાઇનના સામાન્ય સાપેક્ષવાદના સિદ્ધાંતની તપાસ કરવામાં મદદ મળશે.

- ઓડિયાના જાણીતા કવિ, નિબંધકાર અને ભૂતપૂર્વ CSIR-IMMT વૈજ્ઞાનિક **ડૉ. આશુતોષ પરિડાને** તેમની કાવ્યકૃતિ **'વિશ્વાસ દે પૃથ્વી'** માટે 2026નો 47મો સરલા પુરસ્કાર એનાયત કરવામાં આવશે. સરલા પુરસ્કાર દર વર્ષે ઓડિયા ભાષામાં ઉત્કૃષ્ટ સાહિત્યિક કૃતિ માટે Indian Metals Public Charitable Trust (IMPaCT) દ્વારા આપવામાં આવે છે. પરિડાને પુરસ્કારરૂપે પ્રશસ્તિપત્ર, તાંબાની તકતી અને ₹7 લાખની રકમ આપવામાં આવશે. આ સાથે ઓડિસી નૃત્યગુરુ દુર્ગાચરણ રણબીર અને શિલ્પકાર દામોદર બેહેરાને ઇલા–બંસીધર પાંડા કલા સન્માન 2026થી સન્માનિત કરવામાં આવશે.

- ભારત સરકારે પૂર્વ ISRO અધ્યક્ષ **ડૉ. એસ. સોમનાથને** RBIના Central Boardમાં Part-time Non-Official Director તરીકે નિયુક્ત કર્યા છે. સાથે જ Mahindra Groupના ચેરમેન **આનંદ ગોપાલ મહિન્દ્રાને** RBIના Central Boardમાં વધુ ચાર વર્ષ માટે પુનઃનિયુક્ત કરવામાં આવ્યા છે. RBI Central Boardમાં RBIના Governor અને વધુમાં વધુ ચાર Deputy Governors સહિત official directors તથા સરકાર દ્વારા નિયુક્ત non-official directorsનો સમાવેશ થાય છે. આ Board RBIની કામગીરી અને નીતિગત દિશા માટે મહત્ત્વપૂર્ણ ભૂમિકા ભજવે છે. RBIના વર્તમાન ગવર્નર **સંજય મલ્હોત્રા** છે.

## 23 ઓગસ્ટ

- **કેલિફોર્નિયા** વિધાનસભાએ 8 નવેમ્બરને 'દિવાળી દિવસ' તરીકે માન્યતા આપતો પ્રસ્તાવ પાસ કર્યો. આ પ્રસ્તાવ ભારતીય મૂળની એસેમ્બલી સભ્ય દર્શના પટેલ અને એશ કાલરાએ રજૂ કર્યો હતો. પ્રસ્તાવમાં

કેલિફોર્નિયાના લોકોને દિવાળી સમારોહમાં ભાગ લેવા અપીલ કરવામાં આવી છે. તેમાં ભારતીય-અમેરિકી અને દુનિયાભરમાં વસતા ભારતીય સમુદાય પ્રત્યે સન્માન વ્યક્ત કરાયું છે. પ્રસ્તાવમાં જણાવાયું છે કે હિંદુ, શીખ, બૌદ્ધ અને જૈન સમુદાય અમેરિકા સહિત દુનિયાભરમાં દિવાળી ઉજવે છે. પ્રકાશનો આ તહેવાર સારા પર ખરાબની જીતનું પ્રતીક છે.

- રામ મંદિરમાં દાનની ચોરીની તપાસ બાદ બેન્ક લોકરોની દેખરેખ અને રેકોર્ડ મેનેજમેન્ટને ડિજિટલ બનાવવામાં આવી રહ્યું છે. રામ મંદિર ટ્રસ્ટના લોકરો પર હવે ક્યૂઆર (QR) કોડ આધારિત ડિજિટલ સ્ટીકર લગાવવામાં આવી રહ્યાં છે. આ સ્ટીકરને સ્કેન કરવાથી લોકર અને તેમાં સુરક્ષિત રાખવામાં આવેલી કિંમતી વસ્તુઓનો રેકોર્ડ ડિજિટલ સિસ્ટમમાં ઉપલબ્ધ થઇ જશે. આનાથી તપાસ, ઓડિટ અથવા વેરિફિકેશન દરમિયાન લોકર તેમજ આભૂષણો અને અન્ય કિંમતી વસ્તુઓના રેકોર્ડનું મેળવણુ કરવાનું સરળ બનશે.

- કેરળની પ્રસિદ્ધ પુન્નમદા સરોવરમાં યોજાયેલી 72મી નહેરુ ટ્રોફી બોટ રેસમાં પહેલીવાર ભાગ લઈ રહેલી **અરોમા બોટ ક્લબ** ચેમ્પિયન બની. આશરે 1.35 કિલોમીટરનું અંતર 4 મિનિટ 23 સેકન્ડમાં પૂરું કરીને ક્લબે 25 લાખ રૂપિયા જીત્યા. આ રેસની શરૂઆત વર્ષ 1952માં દેશના પ્રથમ વડાપ્રધાન જવાહરલાલ નહેરુના સ્વાગતમાં થઈ હતી.

- સુપ્રીમ કોર્ટે સિવિલ જજ (જુનિયર ડિવિઝન) પરીક્ષા માટે જરૂરી ફરજિયાત કાનૂની પ્રેક્ટિસ અનુભવ ત્રણ વર્ષથી ઘટાડીને એક વર્ષ કર્યો. આ નિર્ણય 1 એપ્રિલ, 2027થી થનારી ભરતીઓ પર લાગુ થશે. પસંદગી પછી, ઉમેદવારોને ન્યાયિક એકેડેમીમાં એક વર્ષની તાલીમ લેવાની અને કોર્ટમાં એક વર્ષની ક્લાર્કશીપ પૂર્ણ કરવાની જરૂર પડશે. આ પગલાથી ન્યાયિક સેવામાં પ્રવેશ સરળ બનશે.

- ભારતમાં દર વર્ષે 23 ઓગસ્ટના રોજ રાષ્ટ્રીય અવકાશ દિવસ (National Space Day) ઉજવવામાં આવે છે. 23 ઓગસ્ટ 2023ના રોજ ભારતીય અંતરિક્ષ અનુસંધાન સંગઠન (ISRO) ના ચંદ્રયાન-3 મિશને ચંદ્રના દક્ષિણ ધ્રુવ નજીક સફળ સોફ્ટ લેન્ડિંગ કરીને ઈતિહાસ રચ્યો હતો. આ ઐતિહાસિક સિદ્ધિની યાદમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ 23 ઓગસ્ટને 'રાષ્ટ્રીય અવકાશ દિવસ' તરીકે ઉજવવાની જાહેરાત કરી હતી. થીમ: **'Towards Viksit Bharat - Innovating, Collaboratin and Aspiring to Global Space Leadership'.**

## 24 ઓગસ્ટ

- દર વર્ષે 24મી ઑગસ્ટે **કવિ નર્મદના** જન્મ દિવસે વિશ્વ ગુજરાતી ભાષા દિવસ તરીકે ઉજવાય છે. ભારતમાં બોલનારા લોકોની સંખ્યા પ્રમાણે ગુજરાતી **છઠ્ઠા** ક્રમે સૌથી વધ બોલાતી ભાષા છે જે દેશની કુલ વસ્તીના 4.5 ટકા થાય છે.

- કેન્દ્રીય આરોગ્ય અને પરિવાર કલ્યાણ મંત્રાલયે 4 વર્ષથી ઓછી ઉંમરનાં બાળકો માટે **ક્લોરફેનિરામાઇન મેલેટ અને ફેનીલેફ્રાઇન હાઇડ્રોક્લોરાઇડ** ધરાવતી તમામ ફિક્સ્ડ-ડોઝ કોમ્બિનેશન (FDCS) દવાઓના ઉત્પાદન, વેચાણ અને વિતરણ પર પ્રતિબંધ મૂક્યો છે. આ આદેશ, ડ્રગ્સ એન્ડ કોસ્મેટિક્સ એક્ટ, 1940 ના સેક્શન 26A હેઠળ જારી કરવામાં આવ્યો છે. દવાની બોટલ, પેકિંગ, લેબલ

અને પ્રમોશનલ મટીરીયલ પર 'Fixed Dose Combination shall not be used in children below four years of age' સ્પષ્ટપણે લખવું ફરજિયાત કરવામાં આવ્યું છે.

- **ઉત્તર પ્રદેશ** કેબિનેટે રાજ્યની મહિલા કર્મચારીઓ માટે સેવા દરમિયાન 2 વાર 180 દિવસની પેઇડ માતૃત્વ રજા મંજૂર કરી છે. આ લાભ બાળકના દત્તક લેવાની સ્થિતિમાં દત્તક લેનારી માતાઓને પણ મળશે. ઉત્તર પ્રદેશ ફાઇનાન્શિયલ હેન્ડબુકના નિયમ 153 (1)માં સુધારો કરીને બે માતૃત્વ રજાઓ વચ્ચેના 2 વર્ષના ફરજિયાત ગેપની શરત દૂર કરાઈ છે.

- **યુરોપિયન સ્પેસ એજન્સી (ESA)નાં** અવકાશયાત્રી **સોફી એડેનોટ** સ્પેસવૉક કરનાર **ફ્રાન્સનાં પ્રથમ મહિલા** બન્યાં. તેઓ સ્પેસવૉક કરનાર બીજાં યુરોપિયન મહિલા પણ બન્યાં. અગાઉ ઇટાલીનાં ESA અવકાશયાત્રી **સામંથા ક્રિસ્ટોફોરેટ્ટીએ** 2022માં આ સિદ્ધિ મેળવી હતી. સોફી એડેનોટે NASAના અવકાશયાત્રી અનિલ મેનન સાથે આંતરરાષ્ટ્રીય અવકાશ મથક (ISS)ની બહાર U.S. Spacewalk 97માં ભાગ લીધો હતો.

- ભારત–નેપાળ સંયુક્ત કાર્યકારી જૂથની 14મી બેઠક **દેહરાદૂન** ખાતે યોજાઈ. બેઠકમાં બંને દેશોએ સરહદ વ્યવસ્થાપન અને સુરક્ષા ક્ષેત્રે દ્વિપક્ષીય સહયોગની સમીક્ષા કરી હતી. બંને પક્ષોએ ક્ષમતા નિર્માણ અને વિવિધ ક્ષેત્રોમાં સંસ્થાકીય સહયોગ વધુ મજબૂત બનાવવા સંમતિ દર્શાવી હતી.

## 25 ઓગસ્ટ

- ભારતીય સેનાની પ્રાદેશિક સેના (Territorial Army)એ CyberPeaceના સહયોગથી Terrier Cyber Quest 2026 (TCQ 3.0) શરૂ કર્યું છે. આ રાષ્ટ્રીય સ્તરની હેકાથોનનો ઉદ્દેશ સંરક્ષણ, સાયબર સુરક્ષા અને માહિતી ક્ષેત્રના આધુનિક પડકારો માટે નવીન તથા સ્વદેશી ઉકેલો વિકસાવવાનો છે. તેમાં શૈક્ષણિક સંસ્થાઓ, ઉદ્યોગો, સંશોધન સંસ્થાઓ, સરકારી સંગઠનો અને સશસ્ત્ર દળોની ટેક્નિકલ પ્રતિભાઓ ભાગ લેશે. સ્પર્ધાના ત્રણ મુખ્ય ટ્રૅક છે: Bug Hunting, AI Kavach તથા Creators Challenge. આ ટેકનોલોજી યુગમાં આધુનિક યુદ્ધ માત્ર જમીન, હવા અને સમુદ્ર સુધી સીમિત નથી. દુશ્મન દેશના સાયબર હુમલાઓના સંદર્ભમાં આ પહેલ મહત્ત્વની છે.

- વાઇબ્રન્ટ ગુજરાત ગ્લોબલ સમિટ 2027ના પ્રચાર માટે અમેરિકા પ્રવાસે ગયેલા મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે વોશિંગ્ટન D.C.માં વર્લ્ડ બેંકના પ્રતિનિધિઓ સાથે ઉચ્ચસ્તરીય ગોળમેજ બેઠક યોજી હતી. મુખ્યમંત્રીએ Walmartના Executive Vice President Dan Bryant સાથે પણ મુલાકાત કરી હતી.

- મહારાષ્ટ્રના ગઢચિરોલી જિલ્લામાં લોયડ્સ મેટલ્સ એન્ડ એનર્જીના આયર્ન ઓર ખનન અને પ્રોસેસિંગ પ્રોજેક્ટને કારણે પર્યાવરણીય ચિંતા ઊભી થઇ છે. તેમાં આશરે 9.4 વર્ગ કિમી વનભૂમિના ડાયવર્ઝનની દરખાસ્ત છે. રાજ્ય સરકારે પ્રોજેક્ટ વિસ્તાર કોઈ માન્ય ટાઇગર કોરિડોરમાં ન હોવાનું જણાવી તેને wildlife clearanceમાંથી મુક્તિ આપી હતી. જોકે, આ વિસ્તાર તાડોબા ઇંદ્રવતી ટાઇગર રિઝર્વ સાથે જોડાયેલો હોવાનું સંરક્ષણ નિષ્ણાતો અને દસ્તાવેજો દર્શાવે છે. ટાઇગર કોરિડોર વાઘોની અવરજવર, પ્રજનન અને જેનેટિક ફેરફાર જાળવી રાખે છે તથા વાઘોની વિસ્થાપિત વસ્તીને જોડવામાં મહત્ત્વની ભૂમિકા ભજવે છે.

- ઓડિશા સરકારે ઓડિશા માનવ અધિકાર આયોગ (OHRC)ના નિર્દેશ બાદ **સતકોસિયા ટાઇગર રિઝર્વમાંથી** ગામોના સ્થળાંતરની પ્રક્રિયાની તપાસ માટે પાંચ સભ્યોની ઉચ્ચસ્તરીય સમિતિની રચના કરી છે. સમિતિ રાયગુડા ગામ સિવાયનાં ગામોની સ્થળાંતર પ્રક્રિયા તપાસશે. સતકોસિયા ટાઇગર રિઝર્વ મહાનદીના સતકોસિયા ગોર્જની આસપાસ આવેલ છે. વર્ષ 2007માં તે ટાઇગર રિઝર્વ તરીકે જાહેર થયું. તેમાં સતકોસિયા ગોર્જ વન્યજીવ અભયારણ્ય અને બૈસિપલ્લી વન્યજીવ અભયારણ્યનો સમાવેશ થાય છે. સતકોસિયા ગોર્જ રામસર સાઇટ પણ છે. તપાસ પૂર્ણ ન થાય ત્યાં સુધી રિઝર્વનાં બફર ગામોમાંથી વધુ સ્થળાંતર અટકાવવામાં આવ્યું છે.

- કેન્દ્ર સરકારે પશ્ચિમ બંગાળના દાર્જિલિંગ પર્વતીય પ્રદેશ અને તેની આસપાસના વિસ્તારો સાથે સંકળાયેલા લાંબા સમયથી પડતર ગોરખા મુદ્દાના ‘કાયમી રાજકીય ઉકેલ’ માટે ભૂતપૂર્વ નાયબ રાષ્ટ્રીય સુરક્ષા સલાહકાર **પંકજકુમાર સિંઘની** અધ્યક્ષતાવાળી ઉચ્ચસ્તરીય સમિતિની રચના કરી છે. જે બંધારણના માળખામાં રહીને ગોરખા વર્ગની અલગ ઓળખ, રાજકીય પ્રતિનિધિત્વ, સ્વાયત્તતા તથા સાંસ્કૃતિક અને ભાષાકીય હિતો અંગે અંતિમ કરારનો મુસદ્દો તૈયાર કરશે. ગોરખાલેન્ડની માંગ મુખ્યત્વે પશ્ચિમ બંગાળના દાર્જિલિંગ, કાલિમ્પોંગ, તરાઇ અને ડુઆર્સ વિસ્તાર સાથે સંબંધિત છે. અલગ ગોરખાલેન્ડની માંગનો ઇતિહાસ 1907થી જોડાયેલો છે.

- ભારતે પોતાનું અવકાશ મથક **‘ભારતીય અંતરિક્ષ સ્ટેશન’ (Bharatiya Antariksh Station–BAS)** વર્ષ 2035 સુધીમાં કાર્યરત કરવાનું લક્ષ્ય રાખ્યું છે. કેન્દ્ર સરકારે તેના પ્રથમ મોડ્યુલ BAS-01ના વિકાસ અને પ્રક્ષેપણને મંજૂરી આપી છે. તેને વર્ષ 2028 સુધીમાં પ્રક્ષેપિત કરવાની યોજના છે. પ્રસ્તાવિત સ્પેસ સ્ટેશન પૃથ્વીથી આશરે 400થી 450 કિ.મી.ની ઊંચાઇએ નીચલી પૃથ્વી ભ્રમણકક્ષા (LEO)માં સ્થાપિત થશે. આશરે 52 ટન વજન ધરાવતા આ મથકમાં ત્રણથી ચાર અવકાશયાત્રીઓ ત્રણથી છ મહિના સુધી રહી શકશે.

- દેશમાં ડુંગળીના વધતા ભાવને નિયંત્રિત કરવા કેન્દ્ર સરકારે ‘કાંદા એક્સપ્રેસ’ નામની વિશેષ માલગાડી શરૂ કરી. તેના દ્વારા નાશિકથી દિલ્હી, ચેન્નઇ, કોચી અને ગુવાહાટી જેવાં મુખ્ય કેન્દ્રોમાં ડુંગળી પહોંચાડવામાં આવશે. નાશિક જિલ્લાનું લાસલગાંવ ભારતનાં સૌથી મોટાં અને પ્રસિદ્ધ ડુંગળી બજારોમાંનું એક છે.

- કોચિન શિપયાર્ડ લિમિટેડ (CSL) દ્વારા ભારતીય નૌકાદળને **'માંગરોળ' (Mangrol)** ક્રાફ્ટ સોંપવામાં આવ્યું છે. આ સ્વદેશી રીતે ડિઝાઇન અને ઉત્પાદિત 8 એન્ટી-સબમરીન વોરફેર રોલો વોટર ક્રાફ્ટ (ASW SWC) શ્રેણીનું ત્રીજું જહાજ છે. 78 મીટર લાંબુ આ જહાજ ડીઝલ એન્જિન-વોટરજેટ પ્રોપલ્શન સિસ્ટમ ધરાવે છે. તે દરિયાકાંઠાના અને છીછરા પાણીમાં એન્ટી-સબમરીન કામગીરી, સર્વેલન્સ, માઇન-લેંઇગ અને શોધ અને બચાવ કાર્યો માટે રચાયેલ છે. આ જહાજનું નામ ગુજરાતના દરિયાકાંઠાના શહેર માંગરોળ પરથી રાખવામાં આવ્યું છે.

ફ્રી
સરકારી નોકરીની તૈયારી માટે
FEE ની ચિંતા છોડો,
FREE તૈયારી કરો.
Crack GPSC easily with...
CRACK GPSC
• અભ્યાસ/જોબ સાથે, ઘરે બેઠાં, ઓછા સમયમાં કોઈ પણ પરીક્ષાની સંપૂર્ણ તૈયારી કરો. 76000 51070

# 26 ઓગસ્ટ

- ઉપરાષ્ટ્રપતિ સી. પી. રાધાકૃષ્ણને આંધ્ર પ્રદેશના એલુરુ જિલ્લાના મુસુનુરુ ખાતે ભારતનાં પ્રથમ સ્વદેશી Non-GMO, High-Expansion Popcorn Maize Hybrid Seedsનું લૉન્ચિંગ કર્યું. 'Krisna459' અને 'Godari234' નામનાં આ બંને હાઇબ્રિડ Gourmet Popcornica દ્વારા વિકસાવવામાં આવ્યાં છે. પોપકોર્ન માટે માત્ર વધુ ઉત્પાદન આપતી મકાઇ પૂરતી નથી. તેના દાણામાં ગરમ કરવાથી વધુ પ્રમાણમાં ફૂલવાની વિશિષ્ટ ક્ષમતા હોવી જરૂરી છે. તેથી આ હાઇબ્રિડ મૂલ્યવર્ધિત કૃષિ માટે મહત્ત્વપૂર્ણ છે.

- ભારતના યુનિફાઇડ પેમેન્ટ્સ ઇન્ટરફેસ (UPI)એ 10 વર્ષ પૂર્ણ કર્યાં છે. તે 25 ઓગસ્ટ, 2016ના રોજ શરૂ થયું હતું. 2016-17માં, UPI દ્વારા 17.8 મિલિયન વ્યવહારો થયા હતા. લગભગ 10 વર્ષ પછી, 2025-26માં, આ આંકડો વધીને 24,162 કરોડથી વધુ થશે. આ સમયગાળા દરમિયાન, વાર્ષિક UPI વ્યવહારોમાં લગભગ 13,000 ગણો વધારો થયો છે. UPI સાથે જોડાયેલ બેંકોની સંખ્યા પણ 44 થી વધીને 703 થઈ ગઈ છે.

- અમેરિકાએ **સીરિયાને** 'આતંકવાદના રાજ્ય પ્રાયોજકો'ની યાદીમાંથી દૂર કર્યું. સીરિયા પરનો 47 વર્ષ જૂનો પ્રતિબંધ હવે સમાપ્ત થઈ ગયો છે. આ પ્રતિબંધ 1979માં લાદવામાં આવ્યો હતો. અમેરિકાના મતે સીરિયાએ આંતરરાષ્ટ્રીય આતંકવાદથી પોતાને દૂર કર્યું. ISIS સામેના વૈશ્વિક ગઠબંધનમાં જોડાયા પછી આ નિર્ણય લેવામાં આવ્યો.

- અમેરિકામાં દર વર્ષે 26 ઓગસ્ટના રોજ મહિલા સમાનતા દિવસ એટલેકે વિમેન્સ ઇક્વાલિટી ડે મનાવવામાં આવે છે. આ તારીખની પસંદગી યુ.એસના બંધારણમાં 19મો સુધારો પસાર થવાની વર્ષગાંઠની ઉજવણી માટે કરવામાં આવી હતી, જેમાં 1920માં મહિલાઓને મત આપવાનો અધિકાર (women right to vote) આપવામાં આવ્યો હતો. આ તકે મહિલાઓ માટે સમાનતાના દરજ્જા માટે સતત લડત આપનાર મહિલા વકીલ **બેલા અબઝુગના** પ્રયાસોને યાદ કરવામાં આવે છે.

- યુનાઈટેડ સ્ટેટ્સ ટ્રેઝરી સેક્રેટરી સ્કોટ બેસન્ટ દ્વારા ઈરાન સામે એક નવું આર્થિક પ્રતિબંધ અભિયાન 'ઓપેરશન ઇકોનોમિક આઉટકાસ્ટ' શરૂ કરવામાં આવ્યું છે. આ અભિયાનનો મુખ્ય ઉદ્દેશ ઈરાનના અર્થતંત્રનાં મુખ્ય 5 ક્ષેત્રો - ડિજિટલ એસેટ્સ/ક્રિપ્ટોકરન્સી, શસ્ત્ર સંબંધિત ટેકનોલોજી. ગોલ્ડ (સોનું), એવિએશન (એરલાઈન્સ) અને શિપિંગ પર નિયંત્રણો મૂકીને વૈશ્વિક નાણાકીય પ્રણાલીમાંથી સંપૂર્ણપણે અલગ કરવાનો છે.

- નીતિ આયોગ દ્વારા તાજેતરમાં "Reimagining Skilling for Viksit Bharat@2047' શીર્ષક હેઠળ એક મહત્વપૂર્ણ રિપોર્ટ જાહેર કરવામાં આવ્યો છે. રિપોર્ટ અનુસાર 15થી 29 વર્ષની વયના લગભગ 8.7 કરોડ ભારતીય યુવાનો NEET (Not in Education, Employment, or Training)ની શ્રેણીમાં આવે છે. એટલે કે તેઓ શિક્ષણ, રોજગાર કે કોઈ કૌશલ્ય તાલીમ મેળવી રહ્યા નથી. રિપોર્ટ દર્શાવે છે કે માત્ર 8.25% ગ્રેજ્યુએટ્સ જ તેમની શૈક્ષણિક લાયકાત સાથે સુસંગત હોય તેવી નોકરી કરી રહ્યા છે. વ્યાવહારિક અનુભવ અને ઉદ્યોગને અનુરૂપ તાલીમનો અભાવ રોજગારી મેળવવામાં મુખ્ય અવરોધ છે.

➤ જયપુર ખાતે યોજાયેલી ગ્રાન્ડ ફિનાલેમાં કેરળની 19 વર્ષીય **કઝિયા લિઝ મેજો (Kaziah Liz Mejo)એ** 'મિસ યુનિવર્સ ઈન્ડિયા 2026'નો ખિતાબ જીતી લીધો છે. કઝિયા નવેમ્બર 2026માં પ્યુર્ટો રિકો ખાતે યોજાનારી 75મી મિસ યુનિવર્સ સ્પર્ધામાં ભારતનું પ્રતિનિધિત્વ કરશે.

## 27 ઓગસ્ટ

➤ નેપાળમાં તિબેટ સરહદેથી અચાનક આવેલા પૂરને કારણે રસુવા જિલ્લાની ભોટેકોશી અને ત્રિશુલી નદીઓમાં ઘોડાપૂર આવ્યું હતું. જોતજોતામાં આ પૂરની ચપેટમાં નુવાકોટ, ધાદિંગ અને ચિતવન જિલ્લા પણ આવી ગયા હતા. પૂરનો પ્રવાહ એટલો તીવ્ર હતો કે રસ્તામાં આવતી તમામ વસ્તુઓ વહી ગઈ હતી. પાણી સાથે આવેલા કાટમાળમાં અનેક મકાનો દબાઈ ગયાં છે. ત્રિશુલી નદી પર બનેલા 4 પાકા અને 15 અસ્થાયી પુલ વહી ગયા છે, જ્યારે કાંઠાના વિસ્તારનો 40 કિલોમીટરનો રસ્તો તૂટી ગયો છે. આ સિવાય એક ડઝનથી વધુ હાઇડ્રોપાવર પ્રોજેક્ટ ઠપ થઈ ગયા છે. નેપાળમાં સર્જાયેલી આ ભયાનક આફત પાછળ વરસાદ નહીં. પરંતુ માત્ર 3 મિનિટના અંતરાલમાં એક પછી એક બનેલી કુદરતી ઘટનાઓ જવાબદાર છે. તિબેટીયન ક્ષેત્રમાં સવારે 8:37 વાગ્યે 4.4ની તીવ્રતાનો ભૂકંપ આવ્યો હતો અને તેના માત્ર 3 મિનિટ બાદ નેપાળ સરહદ પર 'આઇસ એવલાન્ચ' (બરફીલું હિમસ્ખલન) થયું હતું. સેટેલાઇટ તસવીરોથી સ્પષ્ટ થયું છે કે ગ્લેશિયરમાંથી 2,000 ફૂટ પહોળો બરફનો ટુકડો તૂટીને 17,000 ફૂટની ઊંચાઈએથી નીચે પડ્યો હતો. બરફનો આ વિશાળ ટુકડો જ્યાં પડ્યો ત્યાં બોમ્બ બ્લાસ્ટ જેવો મોટો ખાડો પડી ગયો અને લેહેંદે નદીનો રસ્તો રોકાઈ જતાં ત્યાં એક અસ્થાયી તળાવ બની ગયું હતું. પાણીનું દબાણ વધતાં જ આ તળાવ તૂટ્યું અને પાણી, બરફ તેમજ કાટમાળનું ઘોડાપૂર પ્રચંડ વેગ સાથે ઉત્તર-પશ્ચિમ દિશામાં નેપાળ અને તિબેટ સરહદે આવેલી ભોટેકોશી નદી તરફ આગળ વધ્યું હતું.

➤ શ્રમ અને રોજગાર મંત્રાલય દ્વારા અસંગઠિત ક્ષેત્રના કામદારોમાં શરૂ કરવામાં આવેલા ઈ-શ્રમ (e-Shram) પોર્ટલે સફળતાપૂર્વક 5 વર્ષ પૂર્ણ કર્યાં છે. આ પોર્ટલનો મુખ્ય હેતુ કામદારોનો રાષ્ટ્રીય ડેટાબેઝ તૈયાર કરવાનો છે. પોર્ટલ પર નોંધાયેલા દરેક કામદારને 12 અંકનો વિશિષ્ટ UAN નંબર આપવામાં આવે છે. ઓગસ્ટ 2026 સુધીમાં કુલ 31.89 કરોડ કામદારો નોંધાયા છે. નોંધાયેલા કામદારોમાં મહિલાઓનો હિસ્સો 54.28% અને પુરુષોનો હિસ્સો 45.72% છે. સૌથી વધુ 55.21% કામદારો 18થી 40 વર્ષની વયજૂથના છે. લગભગ 11.5 લાખ ગિગ/પ્લેટફોર્મ કામદારો આ પોર્ટલ પર નોંધાયેલા છે. ઉત્તર પ્રદેશ, બિહાર, પશ્ચિમ બંગાળ, મધ્ય પ્રદેશ અને મહારાષ્ટ્રમાં સૌથી વધુ નોંધણી થઈ છે.

➤ ભારતીય નૌકાદળ મુંબઈના નેવલ ડોકયાર્ડ ખાતે તેના બીજા સ્વદેશી નિસ્તાર-ક્લાસ ડાઇવિંગ સપોર્ટ વેસલ **'નિપુણ' (Nipun)ને** કમિશન કરશે. હિંદુસ્તાન શિપયાર્ડ લિમિટેડ (HSL) દ્વારા વિશાખાપટ્ટનમ ખાતે દરિયાઈ પરીક્ષણો પૂર્ણ કર્યા બાદ આ જહાજ નૌકાદળને સોંપવામાં આવ્યું હતું. નિપુણ ભારતીય નૌકાદળના ડીપ સબમર્જન્સ રેસ્ક્યુ વેસલ (DSRV) માટે પ્રાથમિક 'મધર શિપ' તરીકે કાર્ય કરશે. તેનો ઉપયોગ સબમરીન બચાવ કામગીરીમાં થશે. આ જહાજમાં આશરે 75% - 80%થી વધુ સ્વદેશી સામગ્રીનો ઉપયોગ કરાયો છે. નિપુણની લંબાઈ 118 મીટર છે.

➤ 'ધ કેરલ (અલ્ટેરેશન ઓફ નેમ) એક્ટ, 2026' દ્વારા કેરળ રાજ્યનું નામ સત્તાવાર રીતે બદલીને **કેરલમ** કરવામાં આવ્યું. આ ફેરફાર માટે ભારતીય સંવિધાનના પ્રથમ પરિશિષ્ટમાં સુધારો કરવામાં આવ્યો છે. આ સમગ્ર પ્રક્રિયા ભારતીય બંધારણના અનુચ્છેદ 3 હેઠળ પૂર્ણ કરવામાં આવી છે, જે નવાં રાજ્યોની રચના અને વર્તમાન રાજ્યોના વિસ્તારો, સીમાઓ અથવા નામોમાં ફેરફાર કરવા માટે સંસદને સત્તા આપે છે.

- ચીનના બેઇજિંગ સ્થિત બેઈજિંગ હ્યુમનોઇડ રોબોટ ઈનોવેશન સેન્ટર દ્વારા વિકસાવવામાં આવેલા દ્વિપદી (Bipedal) સ્વાયત્ત રોબોટ **ટિયાંગોંગ અલ્ટ્રા (Tiangong Ultra)એ** 100 મીટરની દોડ માત્ર 9.39 સેકન્ડમાં પૂરી કરીને નવો રેકોર્ડ બનાવ્યો છે. બેઇજિંગ ખાતે યોજાયેલી 'વર્લ્ડ હ્યુમનોઇડ રોબોટ ગેમ્સ 2026'માં આ સિદ્ધિ મેળવવામાં આવી હતી. આ સ્પર્ધામાં રોબોટે જમૈકાના સુપ્રસિદ્ધ સ્પ્રિન્ટર યુસેન બોલ્ટના 2009ના 9.58 સેકન્ડના વર્લ્ડ રકોર્ડ કરતાં પણ ઓછો સમય લીધો હતો. વર્ષ 2025ની પ્રથમ રોબોટ ગેમ્સમાં સૌથી ઝડપી સમય 21.50 સેકન્ડ હતો, જેની સરખામણીએ આ વર્ષે ટેકનોલોજીમાં અભૂતપૂર્વ સુધારો જોવા મળ્યો છે.

## 28 ઓગસ્ટ

- META પ્લેટફોર્મ, જેમ કે Instagram અને Facebook, બાળકોને સોશિયલ મીડિયાના વ્યસની બનાવી રહ્યાં છે. META વિરુદ્ધ વિવિધ યુએસ કોર્ટમાં ચાલી રહેલ કેસમાં આરોપ મૂકવામાં આવ્યો હતો કે META પ્લેટફોર્મ બાળકોને સોશિયલ મીડિયાના વ્યસની બનાવી રહ્યાં છે. હવે એક ચુકાદો આવ્યો છે, અને META $17.1 બિલિયન દંડ ચૂકવવા સંમત થયું છે. વધુમાં, બાળકો માટે કેટલાક ફેરફારો સૂચવવામાં આવ્યા છે.
    - **કરારમાં શું બદલાશે?** ઈન્સ્ટાગ્રામ અને ફેસબુક પર દરરોજ કુલ 2 કલાકની ડિફોલ્ટ મર્યાદા રહેશે. રાત્રે 12 વાગ્યાથી સવારે 6 વાગ્યા સુધી એપ્સ ડિફોલ્ટ રૂપે બ્લોક રહેશે. શાળાના સમય દરમિયાન બાળકોને નોટિફિકેશન નહીં મળે. બાળકોની ઉંમર સુનિશ્ચિત કરવા માટે age-assurance સિસ્ટમને વધુ સુધારવામાં આવશે. નિયમોના પાલનની તપાસ કરવા માટે એક સ્વતંત્ર ઓડિટર નીમાશે. હાલમાં આ ફેરફારો માત્ર અમેરિકામાં લાગુ થશે. ભારત 18 વર્ષથી ઓછી ઉંમરનાં બાળકો માટે સોશિયલ મીડિયા પર સંપૂર્ણ પ્રતિબંધ મૂકવાને બદલે ગ્રેડેડ મોડલ હેઠળ અલગ-અલગ વય જૂથો (8-12 વર્ષ, 12-16 વર્ષ અને 16-18 વર્ષ) માટે અલગ-અલગ એજ-સ્પેસિફિક (ઉંમર આધારિત) પ્રતિબંધો લગાવવા પર વિચાર કરી રહ્યું છે.

- કેરળ હાઇકોર્ટે ધરપકડ પહેલાં અટકાયત અંગે નવા નિયમો સ્થાપિત કર્યા છે. ચોક્કસ કાયદા હેઠળ તપાસ માટે અટકાયત ગેરકાયદેસર નથી. મેજિસ્ટ્રેટ સમક્ષ વ્યક્તિને રજૂ કરવા 24 કલાકની સમયમર્યાદા ઔપચારિક ધરપકડ પછી લાગુ થશે. એજન્સીઓએ ધરપકડનો સમય રેકોર્ડ કરવો આવશ્યક છે.

- અમેરિકાએ ડાબેરી સંગઠનો પરનાં તેનાં કડક પગલાંના ભાગ રૂપે પેલેસ્ટાઇન એક્શનને આતંકવાદી સંગઠન તરીકે નિયુક્ત કર્યું છે. ટ્રેઝરી ડિપાર્ટમેન્ટે સંગઠન અને મસાર બદિલ પર આર્થિક પ્રતિબંધો પણ લાદ્યા છે. મસાર બદિલને PFLP માટે એક ફ્રન્ટ ઓર્ગેનાઈઝેશન તરીકે વર્ણવવામાં આવ્યું છે. બ્રિટને પહેલાથી જ પેલેસ્ટાઇન એક્શન પર પ્રતિબંધો લાદ્યા છે. જે ઇઝરાયલી સંરક્ષણ કંપનીઓને નિશાન બનાવી રહી છે.

- સુપ્રીમ કોર્ટે રાજસ્થાનની **જોજરી** નદીના કિનારાથી 100 મીટરની અંદર કોઈપણ પ્રકારનું બાંધકામ અથવા વિકાસ પ્રવૃત્તિ કરવા પર વચગાળાની રોક લગાવી છે. નદીની વૈજ્ઞાનિક રીતે ‘હાઈ ફ્લડ લાઇન’ અને જરૂરી ‘ઇકોલોજિકલ બફર ઝોન’ નક્કી કરવાની પ્રક્રિયા પૂર્ણ ન થાય ત્યાં સુધી આ પ્રતિબંધ અમલમાં રહેશે. ઉપરાંત વર્તમાન પ્રવાહ માર્ગથી 500 મીટરની અંદર એવા કોઈ જોખમી ઉદ્યોગ અથવા પ્રદૂષણ

ફેલાવી શકે તેવી પ્રવૃત્તિ મંજૂર કરવામાં નહીં આવે. જોજરી નદી જોધપુર વિસ્તારમાંથી વહે છે. આગળ જઈને તે અને બાંદી નદી લૂણી નદી સાથે જોડાય છે.

- ઑસ્ટ્રેલિયાના ડાબોડી ઝડપી બોલર **મિચેલ સ્ટાર્ક** બાંગ્લાદેશ સામેની ટેસ્ટ શ્રેણીમાં એકસાથે બે મહત્ત્વપૂર્ણ રેકોર્ડ બનાવ્યા છે. તેઓ ICC World Test Championship (WTC)ના ઇતિહાસમાં સૌથી વધુ વિકેટ (234) લેનાર બોલર બન્યા. તેમણે ટેસ્ટ ક્રિકેટમાં સક્રિય ઝડપી બોલરો પૈકી સૌથી વધુ 'Player of the Series' પુરસ્કાર જીતવાનો રેકોર્ડ પણ બનાવ્યો.

- ભારત સરકારે એરપોર્ટ્સ ઓથોરિટી ઓફ ઇન્ડિયા દ્વારા સંચાલિત 11 એરપોર્ટને PPP મોડલ હેઠળ ખાનગી સંસ્થાઓને લીઝ પર આપવાની યોજનાને મંજૂરી આપી છે. આ એરપોર્ટ ખાનગી સંચાલકોને 50 વર્ષના concession period માટે આપવામાં આવશે. બિડિંગ અને વ્યાપારી વ્યવહારુતા માટે 11 એરપોર્ટને પાંચ વિભાગમાં વહેંચવામાં આવ્યાં છે: 1. અમૃતસર–કાંગડા, 2. વારાણસી–ગયા–કુશીનગર, 3. ભુવનેશ્વર–હુબલી, 4. રાયપુર–છત્રપતિ સંભાજીનગર અને 5. તિરુચિરાપલ્લી–તિરુપતિ. એક વર્ષ માટે સંયુક્ત વ્યવસ્થાપન પ્રસ્તાવિત છે. ત્યારબાદ ખાનગી સંચાલકે AAIના વર્તમાન કર્મચારીઓમાંથી ઓછામાં ઓછા 60% કર્મચારીઓને જાળવી રાખવાના રહેશે.

- આ ઓગસ્ટ દરમિયાન ધ્રુવીય વિસ્તારોને બાદ કરતાં વિશ્વના મહાસાગરોનું દૈનિક સરેરાશ સી સરફેસ ટેમ્પરેચર 21.1°C નોંધાયું. 60° દ. અક્ષાંશથી 60° ઉ. અક્ષાંશ વચ્ચેના એક્સ્ટ્રા પોલર ઓશન્સનું આ અત્યાર સુધીનું સર્વોચ્ચ દૈનિક સરેરાશ સપાટી તાપમાન છે. આ અસામાન્ય છે, કારણ કે વૈશ્વિક મહાસાગરોનું સરેરાશ સપાટી તાપમાન સામાન્ય રીતે દક્ષિણ ગોળાર્ધમાં માર્ચ અથવા એપ્રિલમાં સર્વોચ્ચ સ્તરે પહોંચે છે. વધતું સમુદ્રી તાપમાન મરીન હીટવેવ્સ, કોરલ બ્લિચિંગ, સમુદ્રની સપાટીમાં વધારો અને વધુ તીવ્ર વાવાઝોડાંનું જોખમ વધારી શકે છે. ગરમ મહાસાગરો વાતાવરણમાંથી કાર્બન ડાયોક્સાઇડ શોષવાની ક્ષમતા પણ ગુમાવી શકે છે.

- અલ્હાબાદ હાઈકોર્ટે સુકેના રિઝવી કેસમાં શાળાના યુનિફોર્મ સાથે હિજાબ/હેડસ્કાર્ફ પહેરવાની મંજૂરી માગતી વિદ્યાર્થીનીની અરજી ફગાવી દીધી. પ્રયાગરાજની ખાનગી ટાગોર પબ્લિક સ્કૂલની સગીર વિદ્યાર્થીનીએ શાળાના યુનિફોર્મ ઉપરાંત હેડસ્કાર્ફ પહેરવાની મંજૂરી માગી હતી. પરંતુ, યોગ્ય પુરાવાના અભાવે અદાલતે શાળાની સમાન રીતે લાગુ પડતી યુનિફોર્મ નીતિને માન્ય રાખી. બંધારણની કલમ 25 અંતર્ગતનો ધાર્મિક સ્વતંત્રતાનો અધિકાર નિરપેક્ષ નથી, તે જાહેર વ્યવસ્થા, નૈતિકતા, આરોગ્ય અને બંધારણની અન્ય જોગવાઈઓને અધીન છે. ખાનગી નોનગ્રાન્ટેડ શાળાઓ તમામ વિદ્યાર્થીઓ પર સમાન રીતે લાગુ પડે એવો ડ્રેસકોડ અમલમાં મૂકી શકે છે.

- કેન્દ્રના માહિતી અને પ્રસારણ મંત્રાલય હેઠળના પ્રકાશન વિભાગને Federation of Indian Publishers (FIP) Awards for Excellence in Book Production 2026માં કુલ સાત પુરસ્કાર મળ્યા છે. તેમાં ચાર દ્વિતીય અને ત્રણ તૃતીય પુરસ્કારોનો સમાવેશ થાય છે. આ પુરસ્કારો હિંદી, અંગ્રેજી અને ઉર્દૂ ભાષામાં પ્રકાશિત પુસ્તકો તથા સામયિકોની સંપાદકીય ગુણવત્તા, ડિઝાઇન, મુદ્રણ અને ઉત્પાદનની શ્રેષ્ઠતા બદલ આપવામાં આવ્યા. પ્રકાશન વિભાગના મહાનિદેશક **ડૉ. ધીરજ કાકડિયા** છે. FIP ભારતના પ્રકાશકોનું રાષ્ટ્રીય પ્રતિનિધિ સંગઠન છે. તે સભ્યો અને સ્થાનિક સંગઠનો દ્વારા ભારતના પ્રકાશન ઉદ્યોગના 80%થી વધુ હિસ્સાનું પ્રતિનિધિત્વ કરે છે.

- 28 ઓગસ્ટના વિશ્વ સંસ્કૃત દિવસ ઉજવવામાં આવ્યો. આ દિવસ **શ્રાવણ પૂર્ણિમાના** દિવસે ઉજવાય છે. આ દિવસને 'સંસ્કૃત દિવસ' તરીકે પણ ઓળખવામાં આવે છે. ભારત સરકારે વર્ષ 1969માં પ્રથમ વખત શ્રાવણ પૂર્ણિમાને સંસ્કૃત દિવસ તરીકે ઉજવવાની શરૂઆત કરી હતી. આ દિવસનો મુખ્ય ઉદ્દેશ સંસ્કૃત ભાષા, સાહિત્ય અને તેમાં રહેલા પ્રાચીન જ્ઞાનનું સંરક્ષણ કરવાનો છે. **પાણિનીનું 'અષ્ટાધ્યાયી'** સંસ્કૃત વ્યાકરણના વ્યવસ્થિતીકરણ માટે અત્યંત મહત્ત્વપૂર્ણ ગ્રંથ માનવામાં આવે છે.

## 29 ઓગસ્ટ

- **થાઇલેન્ડમાં** Act on Promoting a Peaceful Society B.E. 2569 (2026) એટલે કે નવો રાજકીય માફી કાયદો અમલમાં આવ્યો છે. તેનો ઉદ્દેશ લાંબા સમયથી ચાલતા રાજકીય સંઘર્ષ, વિરોધ પ્રદર્શનો અને રાજકીય અભિવ્યક્તિ સંબંધિત કેસોમાં રાહત આપીને રાષ્ટ્રીય સમાધાનને પ્રોત્સાહન આપવાનો છે. તે જાન્યુઆરી, 2005થી 16 જુલાઈ, 2025 દરમિયાન થયેલા ચોક્કસ રાજકીય અપરાધો અને રાજકીય અભિવ્યક્તિ કેસોને આવરે છે. માફી માટે પાત્ર વ્યક્તિઓ સામેની તપાસ અને ફોજદારી કાર્યવાહી બંધ થશે. સંસદીય અંદાજ મુજબ આશરે 6,000 લોકોને તેનો લાભ મળી શકે છે. થાઇલેન્ડમાં B.E.નો અર્થ **Buddhist Era** થાય છે.

- ભારતીય રેલવેએ દેશની પ્રથમ 1.3 કિમી લાંબી Double-Stack Long-Haul કન્ટેનર ટ્રેન સફળતાપૂર્વક ચલાવીને માલ પરિવહન ક્ષેત્રે મહત્ત્વપૂર્ણ સિદ્ધિ મેળવી. આ ટ્રેન જવાહરલાલ નહેરુ પોર્ટ (JNPT), મુંબઈથી વરણામા, વડોદરા ડિવિઝન, ગુજરાત સુધી વેસ્ટર્ન ડેડીકેટેડ ફ્રેઇટ કોરિડોર (WDFC) પર દોડી. Double-Stack કન્ટેનર ટ્રેનમાં એક કન્ટેનરની ઉપર બીજું કન્ટેનર રાખવામાં આવે છે. તેથી એક જ ટ્રેનમાં વધુ કાર્ગો લઈ જઈ શકાય છે. જેથી એક જ ટ્રેનમાં વધુ માલનું પરિવહન શક્ય બને છે. આ પ્રકારની ટ્રેનથી માલ પરિવહનની કાર્યક્ષમતા વધારવા, રસ્તા પરના ટ્રક પરિવહનને ઘટાડવા તથા ઇંધણ અને ઉત્સર્જનમાં બચત કરવામાં મદદ મળશે.

- ભારતીય રેલવેએ દેશના સાત અત્યંત વ્યસ્ત રેલવે માર્ગોને ચાર ટ્રેકવાળા કોરિડોરમાં રૂપાંતરિત કરવાની યોજના બનાવી છે. આ માર્ગોની કુલ લંબાઈ આશરે 11,000 કિ.મી. છે. આ સાત માર્ગો ભારતીય રેલવેના કુલ નેટવર્કના માત્ર 16% જેટલા છે, પરંતુ, તેમના પર રેલવેના કુલ મુસાફર અને માલવાહક ટ્રાફિકના આશરે 41%નું સંચાલન થાય છે. ચાર ટ્રેકમાં રૂપાંતરિત થનારા માર્ગોમાં દિલ્હી–હાવડા, હાવડા–ચેન્નઈ, ચેન્નઈ–મુંબઈ, મુંબઈ–દિલ્હી, દિલ્હી–ચેન્નઈ,મુંબઈ–હાવડા અને દિલ્હી–ગુવાહાટી રૂટનો સમાવેશ થાય છે. ચાર ટ્રેકવાળા માર્ગમાં બંને દિશામાં સામાન્ય રીતે બે-બે ટ્રેક ઉપલબ્ધ હોય છે. ભારતના વર્તમાન કેન્દ્રીય રેલવે મંત્રી અશ્વિની વૈષ્ણવ છે.

- મહારાષ્ટ્રના ચંદ્રપુર જિલ્લામાં આવેલા તાડોબા-અંધારી ટાઈગર રિઝર્વમાં ગેરકાયદે વન્યજીવ તસ્કરીમાંથી બચાવવામાં આવેલા 216 ભારતીય સ્ટાર કાચબાઓને તેમના કુદરતી આવાસમાં છોડવામાં આવ્યા. આ કાચબાઓ મુંબઈ અને થાણેથી બચાવવામાં આવ્યા અને તેમને 800 કિમીથી વધુની મુસાફરી કરાવી વિશેષ વન્યજીવ એમ્બ્યુલન્સ દ્વારા તાડોબા પહોંચાડવામાં આવ્યા. આ અભિયાન સાથે Project STRIPES -Star Tortoise Repatriation Initiative Protecting Endangered Speciesની શરૂઆત થઈ છે. આ મહારાષ્ટ્ર વન વિભાગ અને Resqink Association for Wildlife Welfare (RAWW)ની સંયુક્ત સંરક્ષણ પહેલ છે.

# 30 ઓગસ્ટ

- ભારતીય સ્ક્વોશ ખેલાડી **વેલાવન સેન્થિલકુમારે** પોતાની કારકિર્દીનો પહેલો PSA કોપર-લેવલ ટાઇટલ જીત્યો.

- હાથીઓના સંરક્ષણ અને માનવ-હાથી સંઘર્ષને ઘટાડવા માટે, તમિલનાડુ સરકારે **ત્રણ નવા હાથી કોરિડોરને** સૂચિત કર્યા છે. ત્રણેય કોરિડોર **કાવેરી ઉત્તર વન્યજીવન અભયારણ્યના હોસુર વન વિભાગમાં** સ્થિત છે. આનાથી **તમિલનાડુ** અને **કર્ણાટક** વચ્ચે હાથીઓ માટે સલામત અવરજવર સુનિશ્ચિત કરવામાં મદદ મળશે.

- ચંદ્રની પરિક્રમા કરવા માટે તૈયાર કરાયેલા **આર્ટેમિસ II** મિશનના ચાર અવકાશયાત્રીઓને સ્પેસ મેડલ ઓફ ઓનરથી નવાજવામાં આવ્યા છે. **મિશન કમાન્ડર રીડ વાઈઝમેન, વિક્ટર ગ્લોવર, ક્રિસ્ટીના કોચ અને કેનેડાના જેરેમી હેન્સનને** આ સન્માન મળ્યું છે. આજ સુધી, ઇતિહાસમાં ફક્ત 30 અવકાશયાત્રીઓને આ સન્માન આપાયું છે. વધુમાં, યુ.એસ.એ અવકાશ ક્ષેત્ર માટે **'યુએસ સ્પેસ એકેડેમી'ની** સ્થાપનાની જાહેરાત કરી છે.

- **હિન્ડાલ્કો ઇન્ડસ્ટ્રીઝ લિ.એ** કર્ણાટકના **બેલગાવી** ખાતે ભારતનો પ્રથમ ગ્રીનફિલ્ડ **Superfine Precipitated Aluminium Trihydrate (PPT ATH) ઉત્પાદન પ્લાન્ટ** શરૂ કર્યો છે. આ પ્લાન્ટની વાર્ષિક ઉત્પાદન ક્ષમતા 30,000 ટન છે. PPT ATH એક હેલોજન-ફ્રી ફ્લેમ રિટાર્ડન્ટ અને ફાયર-પ્રોટેક્શન સામગ્રી છે. તેનો ઉપયોગ મુખ્યત્વે વાયર અને કેબલ, પોલિમર ઇન્સ્યુલેટર, થર્મલ ઇન્સ્યુલેશન અને ઇલેક્ટ્રિક વાહનો (EVs) જેવાં ક્ષેત્રોમાં થાય છે. આ પ્લાન્ટથી ભારતમાં આ વિશિષ્ટ સામગ્રીનું સ્થાનિક ઉત્પાદન વધશે અને આયાત પરની નિર્ભરતા ઘટાડવામાં મદદ મળશે.

- ગુજરાતે ભારતનો પ્રથમ રાજ્યસ્તરીય **Sports Genomics Programme** શરૂ કર્યો છે. આ પહેલ અંતર્ગત ખેલાડીઓની આનુવંશિક, શારીરિક અને પરફોર્મન્સ સંબંધિત માહિતી ધરાવતો **Gujarat Athlete Genome Database (G-AGD)** તૈયાર કરવાનો પ્રસ્તાવ છે. આ પહેલ ગુજરાત સરકારના વિજ્ઞાન અને ટેકનોલોજી વિભાગ હેઠળ કાર્યરત ગુજરાત બાયોટેક. રિસર્ચ સેન્ટર (GBRC) દ્વારા અમલમાં મૂકવામાં આવી રહી છે. વૈજ્ઞાનિકોએ સ્પષ્ટ કર્યું છે કે કોઈ એક 'Sports Gene' ખેલાડીને ચેમ્પિયન બનાવતું નથી. ગુજરાતમાં યોજાનારી 2030 કોમનવેલ્થ ગેમ્સની તૈયારીના સંદર્ભમાં પણ આ કાર્યક્રમ મહત્ત્વપૂર્ણ માનવામાં આવે છે.

- ભારતીય રેલવેએ અમદાવાદના **સાબરમતી** ખાતે **દેશની પ્રથમ LNG–ડીઝલ ડ્યુઅલ-ફ્યુઅલ DEMU ટ્રેનને** કાર્યરત કરી છે. સાબરમતીના ઇન્ટીગ્રેટેડ કોચિંગ ડેપો દ્વારા 1,400 હોર્સપાવરની DEMU ટ્રેનની બે ડ્રાઈવિંગ પાવર કાર્સને LNG અને ડીઝલ બંને ઇંધણથી ચાલે તે રીતે રૂપાંતરિત કરવામાં આવી છે. નવી ડ્યુઅલ-ફ્યુઅલ ટેકનિકથી પરંપરાગત ડીઝલના વપરાશમાં આશરે 40% સુધીનો ઘટાડો થઈ શકે છે. રૂપાંતરિત પાવર કારોએ 2,000 કિલોમીટરથી વધુનું સફળ ક્ષેત્ર પરીક્ષણ પૂર્ણ કર્યું છે. LNGના ઉપયોગથી ડીઝલ પરની નિર્ભરતા, સંચાલન ખર્ચ અને કાર્બન ડાયોક્સાઇડ અને નાઇટ્રોજન ઑક્સાઇડના ઉત્સર્જનમાં ઘટાડો થશે.

# 31 ઓગસ્ટ

- ભારતીય સેના 17 વર્ષની રાહ પછી અમેરિકા નિર્મિત FGM-148 જવેલિન (Javelin) એન્ટી-ટેન્ક ગાઈડેડ મિસાઇલ ખરીદવા જઈ રહી છે. આ ખરીદી ઇમરજન્સી પ્રોક્યોરમેન્ટ હેઠળ ફોરેન મિલિટરી સેલ્સ (FMS) પ્રક્રિયા દ્વારા કરવામાં આવી રહી છે. આ 'ફાયર-એન્ડ-ફોર્ગેટ' (Fire-and-Forget) મિસાઈલ છે, જે ટાર્ગેટ લોક કર્યા પછી લોન્ચ થાય છે અને ટેન્કના ઉપરના નબળા ભાગ (Top-attack) પર હુમલો કરે છે.

- ભારતે **મોર્ટ્યુરી અને પોસ્ટમોર્ટમ** સુવિધાઓ માટે પ્રથમ વખત સમાન રાષ્ટ્રીય લઘુત્તમ ધોરણો નક્કી કર્યાં છે. આ ધોરણો **નેશનલ કાઉન્સિલ ફોર ક્લિનિકલ એસ્ટાબ્લીશમેન્ટ** દ્વારા નક્કી કરવામાં આવ્યાં છે. આ નિયમો સરકારી તેમજ ખાનગી હોસ્પિટલોમાં મોર્ટ્યુરી અને પોસ્ટમોર્ટમ સુવિધાઓ માટે લાગુ પડશે. આ ધોરણોનો હેતુ મૃતદેહોની ગરિમાપૂર્ણ જાળવણી, ઓળખ, સુરક્ષિત સંગ્રહ અને પોસ્ટમોર્ટમ પ્રક્રિયામાં એકરૂપતા લાવવાનો છે. તે અનુસાર મોર્ચ્યુરી હોસ્પિટલના ભોંયતળિયામાં કે કચરો નાખવાના સ્થળની નજીક ન હોવી જોઈએ. કોલ્ડ સ્ટોરેજમાં તાપમાન **4°Cથી 8°C** વચ્ચે જાળવવું અને **ઓછામાં ઓછા 4 મૃતદેહ** રાખવાની ક્ષમતા હોવી જરૂરી છે.

- ગુજરાતના બનાસકાંઠા જિલ્લાના ધાનેરા તાલુકાના **વીંછીવાડી** ખાતે નવા **બનાસ બાયો સીએનજી મોડેલ પ્લાન્ટનું** ઉદ્ઘાટન કરવામાં આવ્યું. આ સુવિધા બનાસ ડેરી, સુઝુકી મોટર કોર્પોરેશન અને નેશનલ ડેરી ડેવલપમેન્ટ બોર્ડના સંયુક્ત ઉપક્રમે શરૂ કરવામાં આવી છે.

- ભારતીય ખાદ્ય સુરક્ષા અને ધોરણો ઓથોરિટી **(FSSAI)** દ્વારા વધુ પડતી ખાંડ, મીઠું અને સેચ્યુરેટેડ ફેટ ધરાવતા પેક્ડ ખોરાક પર **ફ્રન્ટ-ઓફ-પેક (FOPL) લાલ રંગના ષટ્કોણ (Hexagonal)** ચેતવણી લેબલ ફરજિયાત કરવાનો પ્રસ્તાવ મૂકવામાં આવ્યો છે. આ પ્રસ્તાવ સુપ્રીમ કોર્ટમાં એક એફિડેવિટ દ્વારા રજૂ કરવામાં આવ્યો હતો. પેક્ડ ખોરાક પર **'HIGH FAT', 'HIGH SUGAR', 'HIGH SALT' અને 'HIGHLY SWEETENED BEVERAGE'** જેવાં લેબલ દર્શાવવાનાં રહેશે.

